# વીશ્વાસ

--વસુધા ઈનામદાર

થોડા સમય પહેલાંની વાત છે. ભારતની ઉત્તરે આવેલું અને શીરોમણીની જેમ શોભતું કાશ્મીર, હીમાલયની ગોદમાં લપાઈને બેઠેલું કાશ્મીર, ભારતના શીરદર્દ સમું કાશ્મીર, આજે ભારતીય વીરોનાં બલીદાનથી 'રક્તરંજીત' કાશ્મીર, વારેઘડીએ રણમેદાને ચડતું કાશ્મીર, કારગીલની યુદ્ધની કળ વળતાં બેઠું થયેલું કાશ્મીર : તેની આ નાનકડી વાત છે.

પાકીસ્તાનના સૈનીકો દ્વારા મશીનગન અને રૉકેટ લૉન્ચર મારફ્તે કરવામાં આવેલા હુમલાને ભારતીય શુરવીર સૈનીકોએ જડબાતોડ જવાબ આપ્યો હતો. ગોળીઓના વરસાદની રમઝટ બે કલાક પહેલાં જ શમી હતી. કાશ્મીરની સરહદે દેશની રક્ષા કાજે જીવન કુરબાન કરનાર સૈનીકોની છાવણીમાં અજંપો હતો. એ વીસ જણાની ટુકડીમાંથી એક શુરવીરે દેશના રક્ષણ કાજે હંમેશ માટે વીદાય લીધી હશે એવી દહેશત સૌના મનમાં હતી. અનેક શંકા-કુશંકાથી ઘેરાયેલો સોલ્જર મોહન ભાટીયા પોતાના મીત્રને શોધવા નીકળી પડ્યો હતો.

કાળજું ઠારી નાખે તેવી કાતીલ ઠંડી હતી. બરફથી છવાયેલી ધરતી પર દર્દથી પીડાતા, કણસતા, અર્ધ-બેહોશ જેવા મીત્રની શોધમાં નીકળી પડેલા સૈનીકની છાતીના ધબકાર વધતા જતા હતા. કડકડતી ઠંડીમાં અબ્દુલની ભાળ કાઢવા એણે એના કાન સરવા કર્યા. એની આંખો જાણે વીજળીના ગોળા બનીને અંધારાને ચીરતી અબ્દુલને શોધી રહી હતી. એના પગમાં ગતી હતી, સમગ્ર શરીરમાં શક્તીનો સ્રોત વહી રહ્યો હતો. મીત્ર અબ્દુલ માટે, તેની સલામતી માટે તે મનોમન ઈશ્વરને પ્રાર્થી રહ્યો હતો.

'અબ્દુલ' કહીને એણે બુમ પાડી. એ નીરવ વાતાવરણમાં એના એ શબ્દો પાછા ફર્યા. મોહને ફરી ફરીને બુમ પાડી અને એક બરફીલી કેડી પર ચાલતાં એનો પગ લપસ્યો. એ ગબડતો ગબડતો મોટા વૃક્ષ સાથે અફળાયો. એના મોઢામાંથી એક ચીસ નીકળી પડી; પણ પોતાના દર્દને છુપાવી એણે જોરથી બુમ પાડી,'અબ્દુલ...ક્યાં છે તું?'

'હું અહીં છું, મોહન' એક દર્દભર્યો અવાજ આવ્યો.

'અબ્દુલ...' મોહન લગભગ દોડી ગયો. ત્યાં બેસી પડ્યો. એણે અબ્દુને પોતાના મજબુત શરીરનો સહારો આપી બેઠો કર્યો.

માત્ર મોહનને જ સંભળાય એટલા ધીમા અવાજે અબ્દુલ બોલ્યો, 'આ ગયા મોહન...મુઝે પતા થા મેરે દોસ્ત, મેરે મરનેસે પહલે તુ જરુર આયેગા.'

'ઐસા મત બોલ મેરે યાર, મૈં તુઝે લેને આયા હું'.

'નહીં દોસ્ત, અબ વક્ત આ ગયા હૈ. બડી ખુશી હુઈ, તુઝે દેખ કે. મુઝે પતા થા, તુ જરુર આયેગા... દેખ મેરી મા કો બોલના...યા ખુદા... મા કા ખયાલ રખના...જય હીન્દ.. જય હીન્દ'. એના શબ્દો અંધારામાં ધીરેધીરે વીલીન થયા. મોહનના ખભા પર અબ્દુલ ઢળી પડ્યો.

મોહન થોડી વાર શુન્યવત્ બેસી રહ્યો. એણે ઉભા થઈને મીત્રને સેલ્યુટ મારી હળવેકથી એના મૃતદેહને ઉપાડ્યો અને તે ભારે પગલે છાવણી તરફ ચાલવા લાગ્યો.

છાવણીના પ્રવેશદ્વાર આગળ વાંકા વળીને અબ્દુલના દેહને એણે નીચે મુક્યો.

મેજર ખુશવંતસીંગ છાવણીની બહાર સીગારનો દમ મારીને ઠંડી ઉડાડવાનો પ્રયત્ન કરતા હતા. મોહનને ઉદ્દેશીને, અબ્દુલના મૅ?તદેહ સામે જોઈ તે બાલ્યા : 'મીસ્ટર ભાટીયા, ક્યા પાયા તુમને? હમ તો બોલે થે, વહ મર ગયા હોગા. સુબહ હોતે હી ઉસે ઢુંઢ કે લે આયેંગે !'

મોહન ઉદાસ ચહેરે દ્રઢતાથી બોલ્યો, "સર, મૈં ને બહોત કુછ પાયા, આખરી દમ તોડતે વક્ત વહ બોલા થા,' મુઝે વીશ્વાસ થા, તુ જરુર આયેગા.' ઔર મૈં ને ઉસકે વીશ્વાસ કો તુટને નહીં દીયા."

એની આંખો ભરાઈ આવી. લોહીથી ખરડાયેલો કોટ કાઢતાં તે બોલ્યો..."જય હીન્દ !"

--વસુધા ઈનામદાર

## ડૉ. વસુધા ઈનામદાર



કવયીત્રી-પરીચય

પ્રયોગશીલ મરાઠી અને ગુજરાતી નવલકથાઓનો તુલનાત્મક અભ્યાસ કરીને ગુજરાત યુનીવર્સીટીમાંથી ડૉક્ટરેટની પદવી મેળવી, **વસુધાબહેન** છેલ્લાં વીસેક વર્ષથી અમેરીકામાં છે. **'અખંડ આનંદ'**, **'કુમાર'**, **'ગુજરાત ટાઈમ્સ'** જેવાં ગુજરાતીનાં પ્રસીદ્ધ સામયીકોમાં એમની વાર્તા પ્રકાશીત થાય છે. એમને મનુભાઈ પંચોલી જેવા માર્ગદર્શક ગુરુ મળી ગયા. **'દર્શકે'** એમનું એક પુસ્તક પણ એમને અર્પણ કર્યું છે. **'થેન્ક્યુ મીસ્ટસ ગ્લાડ'** એ એમનો યશસ્વી અનુવાદ છે જે સૌરાષ્ટ્ર યુનીવર્સીટીમાં એમ.એ.ના પાઠ્યપુસ્તક તરીકે સ્થાન પામ્યું છે. ધન્યવાદ વસુધાબહેન !

ભરાયેલા સભાખંડમાં તમે પ્રવેશો અને જાજરમાન વ્યકતીત્વવાળી, છલકતા સ્મીતવાળી, વાત કરવાનું મન થાય તેવી મહીલાને જો તમે જુઓ તો માની લેજો કે તે વસુધા ઈનામદાર અને બાજુમાં હાસ્ય વેરતી, ખુશમીજાજી વ્યક્તી હોય તો તે તેમના સાંવરીયા મહેશભાઈ જ.લેખીકાનો ઈ-મેઈલ સંપર્ક : **mdinamdar@hotmail.com**

--હરનીશ જાની **અને** ઉત્તમ ગજ્જર--

**ક્ષમાપના;** 'ક્રીકસાઈડ'નાં લેખીકા સુચીબહેન વ્યાસનો ઈમેઈલ સંપર્ક આપવો ભુલાઈ ગયેલો; તે સૌની ક્ષમાયાચના સાથે સાદર..: **svyas@nhsonline.org**

## ● મધુરેણ સમાપયેત્ ●

બહુ જ ખુશીની વાત છે કે અમેરીકાના પ્રસીદ્ધ કાર્ટુનીસ્ટ શ્રી. મહેન્દ્ર શાહ દરેક 'સન્ડે ઈ-મહેફીલ ' માટે એક કાર્ટુન મોકલશે. આભાર મહેન્દ્રભાઈ. પધારો, મહેફીલમાં આપનું સ્વાગત છે. તો માણીએ એમનું કાર્ટુન **'ચીત્રકારની વ્યથા'** ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com




'સન્ડે ઈ-મહેફીલ'  વર્ષ : બે  અંક : ૬૧  ઑગસ્ટ ૬, ૨૦૦૬

તળગુજરાતથી દુર, દરીયાપાર વસવા છતાં ગુજરાતી સાહીત્યની સાધના કરતા સર્જકોની કૃતીઓની સન્ડે ઈ-મહેફીલ 'વીદેશ-સર્જનોત્સવ' ઉજવવાનું નક્કી થયું અને સ્નેહી શ્રી. હરનીશભાઈ જાનીએ એના સંપાદનની સઘળી જવાબદારી સહર્ષ સ્વીકારી એનાથી વધારે રુડું શું? સૌ સાહીત્યસર્જકોનો અને ભાઈ હરનીશ જાનીનો ખુબ ખુબ આભાર..

'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં અક્ષરાંકન : ઉત્તમ ગજ્જર: uttamgajjar@hotmail.com

**Harnish Jani**
4, Pleasant Drive, **Yardville** NJ-08620-USA : Phone-**609-585-0861**
**EMail : harnish5@yahoo.com**